ક્રમાંક–૨

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**શુક્રવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકર ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા. ૨૪મી, ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૯ થી ૧૦૯ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૨) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ખાણ અને ખનિજ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૩) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય ગ્રામ ગૃહ નર્માણ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૪) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના સન ૨૦૨૧–૨૨ ના વાર્ષિક અહેવાલ તથા હિસાબો પરના ઓડિટ અહેવાલ

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૫) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૨૧–૨૨ નો વાર્ષિક અહેવાલ

**માનનીય વન મંત્રીશ્રી મુળુભાઇ બેરા**

(૬) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૮–૧૯ નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

૩. **વધારાના ખર્ચના પત્રકની રજૂઆત**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૦૭–૨૦૦૮, ૨૦૦૮–૦૯ અને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કર્યા.

૪. **ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨–૨૦૨૩ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

૫. **અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩–૨૦૨૪ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાચવાનું શરૂ કર્યુ.

૬. **વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સન ૨૦૨૩–૨૦૨૪ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું અંદાજપત્ર પ્રવચન વાંચી રહ્યા હતા તે દરમિયાન માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલએ અંદાજપત્ર પ્રવચનનું વાચન ચાલુ રહે તે હેતુથી વિરામનો સમય રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને વિપક્ષના

દંડક ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતા માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કર્યો.

૭. **અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩–૨૦૨૪ના નાણાકીય વર્ષ માટેનું તેમનું અધૂરું રહેલ અંદાજપત્ર પ્રવચન પૂરું કર્યું અને સન ૨૦૨૩–૨૪ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર ગૃહના મેજ પર મૂકયું.

**સભાગૃહ, સોમવાર તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧૨–૩૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.